જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૦/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૦૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૫ | ૨ | ૧૦૬૭૭ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૧ | ૪૯ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૧૪૨ | ૧૬ | ૧૫૧૫૮ | ૧૫૯૬૪ | ૧૬ | ૧૫૯૮૦ |
| કુલ | | ૩૦૨૧૧ | ૧૯ | ૩૦૨૩૦ | ૩૮૮૪૮ | ૧૮ | ૩૮૮૬૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૪ | ૧૨,૭૫,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૫3 | ૧૪,૫3,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વેજલપુર પોલીસ સ્ટેશન :-

## બે મોબાઇલ તથા રોકડ રકમ સાથે એક ઇસમને પકડી પાડી ઘરફોડ તથા સાદી ચોરીનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "ઝોન - ૭" સાહેબ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "એમ ડિવીઝન" સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર "ઝોન – ૭" વિસ્તારમાથીમાં મિલકત સબંધી તથા ઘરફોડ ચોરીના અનડીટેક્ટ ગુનાઓ સત્વરે શોધી કાઢવા સારું તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારુ સુચના કરતા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ.ડી.ઓડેદરા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર શ્રી જી.કે.ભરવાડ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ શ્રી બી.ડી ભટ્ટ તથા અ.હે.કો. નસરૂલ્લાહખાન હબીબખાન બ.નં ૯૫૧૦ તથા હે.કો જોગાભાઇ કરમણભાઇ બ.નં ૪૯૪૨ તથા પો.કો. રમેશભાઇ કનુભાઇ બ.નં ૪૭૮૯ તથા પો.કો. જનકસિંહ ઘનશ્યામસિંહ બ.નં ૧૩૦૯૪ તથા રવિરાજસિંહ નટુભા બ.નં ૮૫૯૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરી અંગે ખાનગી રીતે વોચ તપાસમા હતા દરમ્યાન પો.કો. રમેશભાઇ કનુભાઇ બ.નં ૪૭૮૯ તથા પો.કો. જનકસિંહ ઘનશ્યામસિંહ બ.નં ૧૩૦૯૪ નાઓને પોતાના ખાનગી બાતમીદારોથી માહીતી મળેલ બાતમી મળેલ કે એક ઇસમ ચોરી અથવા છળકપટ થી મેળવેલ રોકડા રૂપિયા પોતાની પાસે રાખી ફતેવાડી કેનાલ પાસે ઉભો છે. જે બાતમી આધારે ફતેવાડી કેનાલ પાસે આવી છુટાછવાયા વોચમા રહી ઉપરોક્ત બાતમીવાળા ઇસમને પકડી પાડી નામ-ઠામ પુછતા પોતાનુ નામ મોહમદ સાકીલ ઉર્ફે મોહમદ સાકીબ ઉર્ફે હાંડી સ/ઓ/ મોહમદસઇદ લુહાર ઉ.વ. ૧૯ રહે. મકાન નં ૧૪૩, અનુશા પાર્ક, અલ-મલીક સોસાયટી પાસે, જુમ્મા મસ્જીદની સામેની ગલીમા, એકતા મેદાન પાસે, જુહાપુરા અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ જેથી તેની અંગ ઝડતી કરતા પેન્ટના ખિસ્સામાથી અલગ અલગ દરની ચલણી નોટો મળી આવેલ જે બાબતે ગલ્લા-તલ્લા કરી યોગ્ય સંતોષકારક જવાબ આપતો ન હોય સદરી ઇસમને પોલીસ સ્ટેશન લાવી e-GujCop મા સર્ચ કરતા અત્રેના પોલીસ સ્ટેશનમા અગાઉ મારા-મારીના ગુનામા પકડાયેલ હોય જેથી તેની યુક્તિ-પ્રયુક્તિ વડે ઉંડાણપુર્વક પુછપરછ તપાસ કરતા જણાવેલ કે સદર રૂપિયા આશરે ચારેક દિવસ આગાઉ બપોરના સમયે જીવરાજ પાર્ક, બળદેવનગરની બાજુમા આવેલ "ઓમ કોમ્લેક્ષ" મા આવેલ લકી મટન સેન્ટર નામની દુકાનમા દુકાનનુ શટર ઉંચુ કરી દુકાનમા આવેલ ગલ્લામાથી તથા બેગ માથી રોકડા રૂપિયાની ચોરી કરેલાની હકિકત જણાવેલ.

બાદ અગાઉ કરેલ કોઇ ચોરી અંગે ઉંડાણપુર્વક તલસ્પર્શી પુછપરછ કરતા આજથી છએક મહીના આગાઉ યશ કોમ્પ્લેક્ષ નીચે જાહેરમા પડેલ એક્સેસની ડેકી ખોલી તેમા મુકેલ પર્સ માથી રોકડ રૂપિયાની ચોરી કરેલાની કબુલાત કરતો હોય જે બાબતે ખાત્રી તપાસ કરાવતા અત્રેના પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબના ગુના દાખલ થયેલ છે.

જેથી આરોપી મોહમદ સાકીલ ઉર્ફે મોહમદ સાકીબ ઉર્ફે હાંડી સ/ઓ/ મોહમદસઇદ લુહાર ઉ.વ. ૧૯ રહે. મકાન નં ૧૪૩, અનુશા પાર્ક, અલ-મલીક સોસાયટી પાસે, જુમ્મા મસ્જીદની સામેની ગલીમા, એકતા મેદાન પાસે, જુહાપુરા અમદાવાદ શહેર નાનો કોવીડ-૧૯ (કોરોના ટેસ્ટ) કરાવી રીપોર્ટ નેગેટીવ આવતા તેને આજરોજ તા. ૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. આમ  વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડને ઘરફોડ ચોરી તથા સાદી ચોરીના ગુનાઓ શોધી કાઢવામા સફળતા મળેલ છે

**શોધાયેલ ગુનાની વિગત**

વેજલપુર પો.સ્ટે પાર્ટ A-૧૧૧૯૧૦૨૮૨૦૧૭૯૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૩૮૦, મુજબ
વેજલપુર પો.સ્ટે પાર્ટ A-૧૧૧૯૧૦૨૮૨૦૧૭૯૯/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૪૬૧ મુજબ

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**પી.સી.બી. :- (૧)**

## નરોડા પો.સ્ટે વિસ્તારમાં રહેણાંકના મકાનમા વિદેશી દારૂ બનાવવાનુ કારખાનુ ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૨૧.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઇ. જશવંતસિંહ બળદેવસિંહ તથા અ.હેડકોન્સ. શૈલેષ દેવાભાઇ બ.નં.૩૩૯૧, અ.હેડ કોન્સ. રાજેન્દ્રસિહ જીવતસિંહ તથા અ.હેડ કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અ.હેડ.કોન્સ.મુકેશભાઇ રામાભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે વોન્ટેડ આરોપી કુણાલ હસમુખભાઇ શાહ ના રહેણાંક મકાન નં.એ/૧૦૪ નરોડા સ્માર્ટ સીટી-૨, બિઝનેસ હબ પાછળ, હંસપુરા, અમદાવાદ ખાતેથી (૧) ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ બોટલ નંગ-૩ કિં.રૂ.૩,૫૦૦/-, (૨) ૪૬ લીટર વિદેશી દારૂ ભરેલ કેરબા નંગ-૨ કિં.રૂ.૨૩.૦૦૦/-, (૩) ૭૫૦ મીલી વિદેશી દારૂ ભરેલ સેમ્પલ બાટલી કિં.રૂ.૦૦/- (૪) ખાલી કાચની બોટલો નંગ-૧૨૭ કિં.રૂ.૦૦/-, (૫) બોટલના ઢાંકણ નંગ-૬૨૫ કિં.રૂ.૦૦/-, (૬) ઢાંકણ સીલ કરવાનુ મશીન કિં.રૂ.૦૦/-, (૭) ગરણી નંગ-૧ કિં.રૂ.૦૦/- મળી કુલ કિંમત રૂ.૨૬,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ પક્ડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૦૩૫૨૦૨૪૮૦/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**વોન્ટેડ આરોપી :**

(૧) કુણાલ હસમુખભાઇ શાહ રહે. મ.નં.એ/૧૦૪ નરોડા સ્માર્ટ સીટી-૨, બિઝનેસ હબ પાછળ, હંસપુરા, અમદાવાદ

**(એમ.ઓ.) :**

વોન્ટેડ આરોપી પોતાના આર્થીક ફાયદા સારૂ હલકી ગુણવતા વાળો દારૂનો જથ્થો બહાર થી લાવી પોતાના રહેણાંક મકાનમાં સંગ્રહ કરી ઉચી બ્રાન્ડની બોટલોમાં ભરી તેનુ વેચાણ કરતો હતો.

**ગુનાની જગ્યા :** આરોપીના રહેણાંક મકાન નં.એ/૧૦૪ નરોડા સ્માર્ટ સીટી-૨, બિઝનેસ હબ પાછળ, હંસપુરા, અમદાવાદ ખાતે થી

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ બોટલ નંગ-૩ કિં.રૂ.૩,૫૦૦/-, (૨) ૪૬ લીટર વિદેશી દારૂ ભરેલ કેરબા નંગ-૨ કિં.રૂ.૨૩.૦૦૦/-, (૩) ૭૫૦ મીલી વિદેશી દારૂ ભરેલ સેમ્પલ બાટલી કિં.રૂ.00/- (૪) ખાલી કાચની બોટલો નંગ-૧૨૭ કિં.રૂ.00/-, (૫) બોટલના ઢાંકણ નંગ-૬૨૫ કિં.રૂ.00/-, (૬) ઢાંકણ સીલ કરવાનુ મશીન કિં.રૂ.00/-, (૭) ગરણી નંગ-૧ કિં.રૂ.00/- મળી કુલ કિંમત રૂ.૨૬,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ



## પી.સી.બી. :- (૨)

## નરોડા પોલીસ સ્ટેશનની હદમા ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલો નંગ-૨૩૯ કિમત રૂપિયા ૨,૫૧,૦૦૦ સાથે કુલ્લે રૂપિયા ૪,૬૦,૨૬૦/- ના મુદામાલ સાથે એક આરોપી ને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૨૧.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, અહેકો જામસિહ રણુભા, અહેકો દિલીપસિહ પૃથ્વીસિહ , અહેકો શૈલેષભાઈ દેવાભાઈ અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અહેકો ચેતનસિહ નટવરસિહ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મહેન્દ્ર વાસુદેવ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે નરોડા જય ભવાની ફાસ્ટ ફુડ સામે બિઝનેશ હબ, હંસપુરા અમદાવાદ ખાતેથી ફોર્ડ ફીએસ્ટા કાર નંબર RJ-03-CE- 6785 માથી તેમજ શેડ નંબર ૧૨ અમરનાથ એસ્ટેટ વિભાગ- ૨ એચ.પી. પેટ્રોલ પંપ સામે નરોડા અમદાવાદ ખાતેથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૨૩૯ કિ.રુ.૨૫૧૦૦૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લેકિ.રુ.૪,૬૦,૨૬૦/- સાથે કાર ચાલક રવિન્દર ઉર્ફે પલવીન્દર સિલકરામ જાટ રહે.એ/૧૦૬ નરોડા સ્માર્ટ સીટી-૩ હંસપુરા ગામ નરોડા અમદાવાદ મુળ રહે.ગામ- સમરાડા તા.ઈસરાના જી.પાનીપત હરીયાણા ને પકડી લઈ તથા અન્ય ૧ ઈસમ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૩૫૨૦૨૪૮૪/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી) ૬૫(એ)(ઈ) ૧૧૬બી)૯૮(૨) ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**વોન્ટેડ આરોપી:** નરેન્દર ઉર્ફે વિક્રમ દરીયાસિંગ જાટ રહે. હાલ સદર મુળ ગામ-સામડી તા.ઈસરાના જી.પાનીપત હરીયાણા

**ગુનાની જગ્યા :** નરોડા જય ભવાની ફાસ્ટ ફુડ સામે બિઝનેશ હબ, હંસપુરા અમદાવાદ ખાતે તેમજ શેડ નંબર ૧૨ અમરનાથ એસ્ટેટ વિભાગ- ૨ એચ.પી. પેટ્રોલ પંપ સામે નરોડા અમદાવાદ
પકડાયેલ મુદામાલ : (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૨૩૯ કિ.રુ.૨૫૧૦૦૦/ / (૨) મોબાઈલ ફોન નંગ- 3 કિ.૬૦૦૦/ (૩) રોકડા નાણા રૂ.૩૨૬૦/ (૪) ફોર્ડ ફીએસ્ટા કાર નંબર RJ-03-CE-6785 કિ.રુ.૨૦૦૦૦૦/ મળી કુલ્લે કિ.રુ.૪,૬૦,૨૬૦/- નો મુદામાલ.

**<u>પકડાયેલ આરોપી :</u>**

(૧) રવિન્દર ઉર્ફે પલવીન્દર સિલકરામ જાટ રહે.એ/૧૦૬ નરોડા સ્માર્ટ સીટી-૩ હંસપુરા ગામ નરોડા અમદાવાદ મુળ રહે.ગામ- સમરાડા તા.ઈસરાના જી.પાનીપત હરીયાણા



## વેજલપુર પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ ૨૭૬ કી.રૂ. ૧,૨૪,૨૦૦/- નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વેજલપુર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "ઝોન-૭" સાહેબ તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "એમ ડિવીઝન" સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર "ઝોન – ૭" વિસ્તારમાથીમાં પ્રોહીબીશનના દુષણને નેસ્તનાબુદ કરી ગણનાપાત્ર કેસો શોધી કાઢવા સારૂ સુચના કરતા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ.ડી.ઓડેદરા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર શ્રી જી.કે.ભરવાડ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ શ્રી બી.ડી ભટ્ટ તથા મ.સ.ઇ ગીરીરાજસિહ અનિરૂધ્ધસિંહ બ.નં ૭૬૦૨ તથા હે.કો. રાકેશભાઇ ધનજીભાઇ બ.નં ૪૯૧૬ તથા પો.કો સિધ્ધરાજસિહ રતનસિહ બ.નં ૯૪૯૧ તથા લોકરક્ષક મયુદીન મકબુલમિયા બ.નં ૫૯૩૮ તથા લોકરક્ષક મોહમદમુબીન સલાઉદીન બ.નં ૧૭૩૮ તથા લોકરક્ષક મોહબતખાન સલાઉદીનખાન બ.નં ૧૧૯૯૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન અંગે ખાનગી રીતે વોચ તપાસમા હતા દરમ્યાન લોકરક્ષક મયુદીન મકબુલમિયા બ.નં ૫૯૩૮ તથા લોકરક્ષક મોહમદમુબીન સલાઉદીન બ.નં ૧૭૩૮ નાઓને પોતાના ખાનગી બાતમીદારોથી માહીતી મળેલ કે, મકાન નં ૦૧, સન્નો પાર્ક, ગોકુલધામની બાજુમા, ઝલક રોડ ખાતે રહેતો મોહમદ ઇમરાન @ બોબડો સ/ઓ મોહમદ સઇદ મેમણ નાનો પોતાના મળતીયાઓ ઇમ્તીયાઝશા ઉર્ફે ઇમ્તીયાઝ બાવો તથા તેનો ભાઇ હારૂન બાવા પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ લાવી પોતાની લોડીંગ રીક્ષા GJ-01-CZ-1450મા દારૂ સગેવગે કરે છે. જે બાતમી આધારે ઉપરોક્ત જગ્યા રેઇડ કરતા સદર બાતમીવાળા ઇસમને લોડીંગ રીક્ષા તથા ઘરની ઓસરીમા મુકેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ "MC DOWELL'S NO. 1" "RESERVE WHISKY ORIGINAL FOR SALE IN U/T CHANDIGARH ONLY" બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની બોટલો કુલ નંગ્ – ૨૭૬ કી.રૂ. ૧,૨૪,૨૦૦/-ની સાથે પકડી પાડી લોડીંગ રીક્ષા કી. રૂ. ૮૦,૦૦૦/- તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂ કી.રૂ. ૧,૨૪,૨૦૦/- ની ગણી જે તમામ મુદામાલ કુલ કી. રૂ. ૨,૦૪,૨૦૦/- નો ગણી તપાસ અર્થે કબ્જે કરી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી વધુ તપાસ હાથ ધરી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે. સદર ગુનામા નહી પકડાયેલ ઇમ્તિયાઝશા ઉર્ફે ઇમ્તિયાઝ બાવા અને તેનો ભાઇ હારૂન બાવાને સત્વરે પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.ઉપરોકત પકડાયેલ આરોપી બાબતે ઈ,ગુજકોપમં તપાસ કરતા સદરી આરોપી અત્રેના પો સ્ટેમાં અગાઉ મારા મારીના ગુન્હામાં પકડાયેલ છે.

# પાસા અટકાયતીની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ વિસ્તારમાં શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે અશ્વિન ઉર્ફે કાણીયો સ/ઓ વિરાભાઇ જાતે પટણી (કંટારીયાવાળા) ઉ.વ.૨૩ રહે.બાપાલાલ ઘાંચીની ચાલી, જોગણીમાતાના મંદિર સામે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૦૨૦૦/ ૨૦૨૦ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૬, ૪૨૭ મુજબ તથા નં.(૨) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૦૧૭૭/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૯૫, ૩૨૩, ૩૨૪ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩ ૨૦૧૯૬૨/૨૦૨૦ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૦૬/૨૦૨૦ તા.૨૧/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૨૧/૧૦/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૧/૧૦/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૨) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

### પાસા અટકાયતી ઈસમનો ફોટો



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી ૨૫૯ લીટર દેશી દારૂ, ૩૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૨ કેરબા ઇગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૮૧૨/૨૦૨૦

**ઘાટલોડીયા** : નિલેષભાઇ લાલજીભાઇ પંચાલ (ઉ.વ.૪૯)(રહે.રત્ન જ્યોત વિભાગ-૨ નિર્ણયનગર) એ તા.૨૧/૧૦/૨૦૨૦ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર ગામ ઠાકોર વાસ જોગણી માતાની ગલીમાં આવેલ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ નામની દિવ્યાંગ બાળકોની શાળા ખાતે આરોપી અલ્પેશભાઇ બળદેવભાઇ પટેલ (રહે. ગામ: ગણેશપુરા જે.એમ.સી મકાનની પાછળ નંદાસણ હાઇવે તા.જિ. મહેસાણા) એ દિવ્યાંગ બાળકોને ઓગસ્ટ/૨૦૧૯ માં અમેરીકા જ્યોર્જીયા ખાતે ડાંસ કાર્યક્રમની ટુર મા લઈ જવાનુ કહી, વિધ્યાર્થીઓના વાલીઓ તથા તેમની સાથે આવનાર પાંચ સહાયકોના પાસેથી વ્યક્તિ દીઠ ૨૫,૦૦૦/- લેખે કુલ રૂપિયા ૩,૭૫,૦૦૦/- મેળવી લઇ આજદિન સુધી ડાંસ ટુર મા નહીં લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ડાંગર ચલાવે છે.

**બાપુનગર** : મહેન્દ્રભાઇ મફતલાલ પટેલ (ઉ.વ.૪૨)(રહે,ક્રિષ્ણા બંગ્લોઝ વિભાગ-૦૧ આનંદ પાર્ટી પ્લોટની પાછળ, ન્યુ રાણીપ) એ તા.૨૦/૧૦/૨૦૨૦ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા. ૦૧/૦૯/૨૦૨૦ થી તા.૧૫/૦૯/૨૦૨૦ દરમ્યાન બાપુનગર પંચરત્ન કોમ્પલેક્ષમાં આવેલ “પટેલ રામાભાઇ મોહનદાસ” નામની પેઢીમાં મેનેજર તરીકે કામ કરતા આરોપી (૧) સંજયભાઇ નર્મદાશંકર દવે (૨) અમિતકુમાર જયતીલાલ પ્રજાપતિ (૩) સંજયકુમાર પોપટજી ઠાકોર (૪) મહેશભાઇ બાબુભાઇ કુંભાર (૫) ભગવાનભાઇ જયંતીભાઇ પ્રજાપતિ (૬)મનોજભાઇ (૭) મૌલિકભાઇ (૮) કનુભાઇ (૯) પાર્થ ઉર્ફે બીટ્ટુ (૧૦) રાકેશભાઇ (૧૧)હર્ષદભાઇ નાઓએ ભેગામળી મહેન્દ્રભાઇ તથા તેમના ભાગીદારોને વિશ્વાસમાં લઇ, તેમની “પટેલ રામાભાઇ મોહનદાસ” નામની આંગળીયા પેઢીમાંથી અલગ-અલગ હિસાબના કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૩/૨૦૨૦</u>**

**વટવા જી.આઇ.ડી.સી.** : જીવેશભાઇ ધિરેનભાઇ મારફતિયા (ઉ.વ.૩૮)(રહે. ઇદ્રપ્રસ્થ-૮, ટ્યુલીપ બંગ્લોઝની બાજુમા, સુરધારા સર્કલ, થલતેજ)એ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૦ સાંજના ૬/૦૦ થી તા.૨૧/૧૦/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન જશોદાનગર શ્રી અર્બુદા કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ નામની કંપની, એક્ષપ્રેસ હાઇવેની બાજુમા BRTS બસ-સ્ટોપ ની સામે શ્યામ કોર્નર નજીક પોતાનું ટેન્કર નંબર જીજે.૦૧. એ.વાય.૮૩૮૫ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.વિરજા ચલાવે છે.

**<u>વીજ કરંટ લાગતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૦</u>**

**દાણીલીમડા** : કૌશરબાનુ વા/ઓફ જાવેદખાન પઠાણ (ઉ.વ.૨૮)(રહે.ગલી નંબર-૨ ન્યુ નગીના મસ્જીદની પાસે રામ રહીમનો ટેકરો બહેરામપુરા) તા.૨૦/૧૦/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઇદે મીલાદનો તહેવાર હોવાથી પોતાના ઘરમાં લાઇટની સીરીજ લગાવવા જતા વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**<u>સાતમા માળેથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૦</u>**

**નરોડા** : શિવકાંત ખ્યાલીરામ શર્મા (ઉ.વ.૩૦)(રહે.દેવનંદન સંકલ્પસીટી ૧૦૮ ની સામે હંસપુરા રોડ નરોડા) તા.૨૧/૧૦/૨૦૨૦ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે તેમના ફ્લેટના સાતમા માળની ગેલેરીમાં આવેલ પાળી પર બેસી ફોન કરતા હતા દરમ્યાન આકસ્મિક રીતે ફ્લેટની સાતમા માળની ગેલેરીમાંથી નીચે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને કલાક ૧૧/૪૦ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી યોગેશકુમાર સેમ્યુલભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૦</u>**

**આનંદનગર** : મનોજભાઇ દિગમ્બર સાહુ (ઉ.વ.૪૨)(રહે.સત્યમ વિસ્ટા, ગોતા ક્રોસીગ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૦ કલાક ૧૧/૩૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન સફલ પ્રોફીટ હાયર્ડ, ૬૦૧ કોર્પોરેટ રોડ, ઇન્ફેનીટીવ ખાતે આવેલ પોતાની ઓફીસમા પંખા સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુનીર મહમદ ચલાવે છે.

**ઇસનપુર** : ઇશ્વરભાઇ ગોવીંદભાઇ જાદવ (ઉ.વ.૪૩)(રહે.બબા પટેલની ચાલી, ઉત્તમનગર હીરાભાઇ ટાવર સામે મણીનગર) એ બીમારીથી કંટાળી જઇ તા.૨૧/૧૦/૨૦૨૦ ના કલાક ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે રસોડામા છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી